# રૂડી ગુજરાતી વાણી રાણીના વકીલ બનીએ

મહાત્મા ગાંધીની નિશ્રામાં, સન ૧૯૨૯ની એ ઐતિહાસિક ઘડીએ, એક ચરણ મૂકાયું હતું. તેને આજે લગભગ આઠ દાયકા થવામાં છે. સર્વમાન્ય 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ'ની, આ ગાળા દરમિયાન, અનેક આવૃત્તિઓ આવી. તેમાં કેટલીક નવસંસ્કરિત પણ હતી. હવે, આપણી વચ્ચે ડિજિટલ કોશ અને સ્પેલચેકરનું સોફ્ટવેર ગુજરાતને ચરણે ધરતાં અમે કૃતકૃત્ય અનુભવીએ છીએ. ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાતી લેક્સિકોનના સફળ સંયોજન વડે, એક વર્ષના સતત પ્રયાસે, આજનો દિવસ જોવા મળ્યો છે.

આ સોફ્ટવેર સી.ડી.ના રૂપમાં તૈયાર કર્યો છે. આ કોશમાં યુનિકૉડ પદ્ધતિ વાપરવામાં આવી છે. આથી કોશનો ઉપયોગ કરનારને સારુ, પાઠ (સ્ક્રિપ્ટ) વાંચવામાં પણ, સરળતા રહેવાની છે. કોઈ પણ શબ્દનો અર્થ જોઈતો હોય, તો સાર્થ કોશ પ્રમાણે એ મળી જાય. વિશેષમાં, લખાણની જોડણી સાચી છે કે કેમ એ સ્પેલચેકરથી જાણી શકાય અને સુધારી શકાય. આમ, એક સાથે જ શબ્દના સાચા અર્થ અને સાચી જોડણી બંને સાથે મળી જાય. સામાન્ય દરેક જણ પણ આનો ઉપયોગ કરી શકે છે અને વિદ્યાર્થી, શિક્ષક, લેખક, પત્રકાર, પ્રૂફરીડર, મુદ્રક, પ્રકાશક જેવા જેવા ભાષા નામે પદાર્થ સાથે કાર્ય કરતાં અસંખ્ય લોકો માટે, તો આ સી.ડી., કોઈ પણ જાતની અતિશયોક્તિ વગર, સહજ એક આશીર્વાદ રૂપ લાગશે.

સાર્થ જોડણીકોશના એક આદ્યપુરુષ, આચાર્ય કાકા કાળેલકરે, એકદા, કહેલું : 'ગુજરાતી ભાષાના આરોગ્ય, એની શક્તિ, એના વિકાસ અને એની કૃતાર્થતા માટે સતત ચિંતન અને પ્રયત્ન કરનારે પોતાનું તમામ સંકલ્પસામર્થ્ય એકત્ર કરી નિર્ધાર કરવાનો આજે દિવસ છે. અમારી ભાષા પૂરેપૂરી સમર્થ નથી અને તે એમ જ રહેવાની, એમ કહેવાનો વારો કોઈ દિવસ ન આવો.' વળી, આપણા સમર્થ સાહિત્યકાર ઉમાશંકર જોશીના આ શબ્દો ય દીવાદાંડીની ગરજ સારશે : 'ગુજરાતી ભાષા અને ગુજરાતી માધ્યમ માટેની … લડત ચાલુ જ રાખજો, કોઈ જોડે ના રહે તો ય એકલા હાથે ઝઝૂમજો. … પણ અંગ્રેજીની ખામીઓ ખોળવાનો વ્યર્થ પ્રયત્ન કરવો નહીં. બસ, આપણી ભાષાની ખૂબીઓ જ ખોળી, સૌને સમજાવતાં ફરવું.'

કવિવર રવિ ઠાકુરની એક કવિતા છે :

***સાંજના સૂરજે પૂછ્યું : 'મારા ગયા પછી દુનિયાને અજવાળું કોણ આપશે ?'***

***આ સાંભળી સહુ સ્તબ્ધ થઈ ગયા.***

***ત્યારે માટીનું કોડિયું હતું તે બોલ્યું : 'પ્રભુ ! મારાથી જે કાંઈ બનશે એ કરીશ !'***

આપણા આ મહાયજ્ઞમાં ગૂજરાત વિદ્યાપીઠના સુદર્શન આયંગર અને રાજેન્દ્ર ખિમાણીના વડપણ હેઠળ નિરંજનાબહેન વોરા, જાગૃતિબહેન દેસાઈ, ગિરીશભાઈ, નીલેશભાઈએ ધ્યાનાકર્ષક સક્રિય યોગદાન આપ્યું છે. ગુજરાતીલેક્સિકૉન વતી વિપુલભાઈ કલ્યાણી, અશોકભાઈ કરણિયા, કાર્તિકભાઈ મિસ્ત્રી, મીનાબહેન છેડા, જાગૃતિબહેન વાલાણી, શ્રુતિબહેન અમીન, નમ્રતાબહેન પાટીલ, મીનળબહેન મિસ્ત્રી, કોમલબહેન કરણિયાએ અર્ઘ્ય અર્પ્યો છે. એ દરેક પ્રત્યે હું સહૃદય ઋણભાવ વ્યક્ત કરું છું.

વીસ વીસ વર્ષની તપશ્ચર્યા હવે આ રીતે વધુ પગલું માંડે છે, ત્યારે વામનનાં બે ડગલાં પૂરાં થયાનો અનુભવ માંહ્યલીકોર ભર્યો પડ્યો છે. માંહ્યલો મગન છે. બીજાં દોઢ પગલાં ભરવા, તેમ જ કવિવર દલપતરામે કહેલું તેમ, 'રૂડી ગુજરાતી વાણી રાણીના વકીલ' બનવા, હવે, હું દરેકને આહ્વાન કરું છું. ચાલો, આપણે ય ગુજરાતી ભાષાના સંવર્ધન સારુ જે કાંઈ બને એ કરીએ.

- રતિલાલ ચંદરિયા

મુંબઈ, ૨૦ ડિસેમ્બર ૨૦૦૭